





કરે અનર્થો નિવેદનનાં, છેક લઇ જાય છે!
આવે પગ તળે રેલો, મોઢાં પેક થઇ જાય છે!
નેક થઇ છૂટી જાય, ગુનેગારો કોર્ટ-કઠેરે -
આરટીઆઇ સામે બધા એક થઇ જાય છે!

ગુજરાતની
'નહેર' સફાઇમાં
રાખો 'વિવેક'
(બિચારો, નાનો પડશે!)

થૈ જાવ 'સભ્ય'
અને 'અભિનેતા'થી -
કર લો બાત!
(પ્રચાર ગતકડું)




## ચિંતન

**શરદિ ન વર્ષતિ ગર્જતિ વર્ષતિ વર્ષાસુ નિઃસ્વનો મેઘઃ ।**
**નીચો વદતિ ન કુરૂતે ન વદતિ સાધુઃ કરોત્યે વ ॥**

'શરદઋતુ મેઘ ગર્જના કરે છે પણ વર્ષતો નથી, જયારે વર્ષા ઋતુમાં ગાજવીજના અવાજ કર્યા વિના મેઘ વરસે છે, અર્થાત તુચ્છ મનુષ્ય બોલબોલ તો બહુ કરે છે પણ કંઇ નક્કર કામ કરતો નથી જયારે સજ્જન કંઇ પણ બોલ્યા વિના કરવા જેવું કામ કરે છે.'

હમણાં હમણાં તો રાજકારણના રાજકીય પક્ષોમાં હોડ જામી હતી. ચૂંટણી પહેલાનાં વચનો અને ઢંઢેરામાં ગરીબ પ્રજાને સપનાં બતાવી મૂર્ખ બનાવવાનાં - કોઇ મફત ઘર-જમીન-પ્લોટ-લેપટોપ-એક એકથી મોંઘી વસ્તુ આપવામાં અને બોગસ ફોર્મ ભરાવી લોકોને પૈસાના ઝાડ બતાવી લલચાવવા લાગ્યા હતા. હજુ પણ ચૂંટણી આવશે શરદઋતુના મેઘની જેમ અવનવી ગાજવીજ શરૂ થશે. તુચ્છ અને લોકો સાથે છેતરપીંડી રમનારા લોકો પ્રજાને સપના બતાવી - જાહેરાતો કરી - બોલબોલ બહુ કરે છે. નદી-તળાવો-ડેમ છલકાવી દઇશ. ગામેગામ યુનિવર્સિટી આપી દઇશ. દરેક શહેરને તાલુકો બનાવીશ વગેરે... આવાં લબાડ વચનો આપ આપ કરે પણ કંઇ કામ કરતા નથી.

જયારે સજ્જન વ્યક્તિ કંઇ પણ બોલ્યા વિના પોતાની શક્તિ મુજબ શાંતિથી એના પરિણામ અને ફાયદા મળે ત્યારે એવા સજ્જનો માનનીય થઇ જાય છે.

## સુવિચાર

- ઇશ્વરનો સ્વભાવ છે પ્રેમ, તેની ભાષા છે મૌન - **ઉમાશંકર જોષી**
- ઉદાર હૃદયવાળો માણસ આજીવન આનંદથી જીવે છે, અને કંજુસ હૃદયવાળો માણસ દુઃખી રહે છે - **લોંગ ફેલો**
- કલા એટલે અપૂર્ણમાંથી સંપૂર્ણ બનવાનો પ્રયત્ન - **એમ.એફ.હુસેન**
- ધર્મ, શાસ્ત્ર, વિગેરે ઉપદેશ આપી શકે છે, પણ કલા સાચો આનંદ પ્રસન્નતા આપે છે - **પાબ્લો પિકાસો**
- જયાં સુધી મનમાં કામ, ક્રોધ, મદ, લોભ રહે છે ત્યાં સુધી મૂર્ખ અને પંડિતમાં કોઇ ફેર નથી - **શેખ સાદી**
- સાહિત્ય, સંગીત અને કલાથી વિહીન વ્યક્તિ, શિંગડા અને પૂંછડી વગરના પશુ જેવો છે - **બંગલા કહેવત**
- આઝાદીની તડપ એ આત્માનું સંગીત છે, અને સ્વરાજનો મંત્ર એ જીવનનું લક્ષ્ય છે - **શ્રી અરવિંદ**

## બોધ કથા

સામાજિક સંગઠ્ઠનો સેવા સંસ્થાઓમાં નિઃસ્વાર્થ નક્કર કામ કરતા લોકોની પણ ઇર્ષાળુ અને નકારાત્મક દૃષ્ટિ ધરાવતા લોકો સદાય ટીકા કરી તેમના કાર્ય અને વ્યક્તિત્વને ઉતારી પાડવા અને તેમના ચારિત્ર્ય વિશે ગમે-તેમ બોલતા રહે છે પણ સજ્જન લોકો શાંત અને સંયમી હોય છે.

કલકત્તામાં શહેરના અગ્રણી અને વિખ્યાત તટસ્થ-ન્યાયી ન્યાયાધીશ - ગોવિંદ રાનડે રહેતા હતા.

ન્યાય સાથે એમનો સૌમ્ય અને વિવેકશીલ સ્વભાવ પણ આદરપાત્ર હતો. મોટા ભાગના કલકત્તાના વકીલો માટે આદર અને આદર્શનું સ્થાન હતા.

પરંતુ, ચાર-પાંચ વકીલોનું એક જૂથ કોઇ પક્ષની બેઠકમાં, કલબોમાં, અને જાહેર કાર્યક્રમમાં જો બોલવાની તક મળી જાય તો ગોવિંદ રાનડે સામે સદાય કાદવ ઉછાળવાનું ચૂકતા નહીં.

એકવાર કોઇ એક કાર્યક્રમમાં એક પત્રકારે આ જૂથનો નિર્દેશ કરી, રાનડેજીને પૂછ્યું - તમે આ લોકોનો પ્રતિકાર કેમ નથી કરતા?

રાનડેજીએ સ્મિત સાથે કહ્યું મારે ત્યાં એક કૂતરો છે પણ એની એવી ટેવ છે કે પૂનમનો ચંદ્ર જોઇને તેની સામે આખી રાત ભસ્યા કરે... પણ એમાં ચંદ્રને શું?

Email - sureshchandrabhatt18@gmail.com

# ભ્રમરના કાળા રંગને ભૂલીને, પ્રિયપાત્ર માટેની ઉમદા ઘેલછાને યાદ રાખીએ

## જીવન સાફલ્ય સેતુ

- મૂળજી પરમાર 'દધિ'

**શું જીવનમાં વણી શકીશું?!**

● કીડીના નાના કદને અને મધમાખીના તીખા ડંખને ભૂલીને, તેની સંઘબળની અજોડ-મહાન ભાવનાને અનુસરીએ.

● ભ્રમરના કાળા રંગને ભૂલીને, પ્રિયપાત્ર માટેની ઉમદા ઘેલછાને યાદ રાખીએ.

● કાગડાની કાળાશ અને તેના કર્કશ અવાજ તરફ ન જોતાં, તેની ચકોરતા અને તત્પરતા જીવનમાં ચાતરીએ.

● ઘોડાના હણહણાટ તરફ ન જોતાં, તેના તરવરાટ અને થનગનાટને જીવનમાં ઉજાગર કરીએ.

● બિલાડીના મ્યાઉંને ભૂલીને, તેના જેવી લક્ષ્યવેધી તરાપને અપનાવીએ.

● માછલીની ગંધને ભૂલીને, તેની અવિરત - વણથંભી ચાલ અને ચપળતા જીવનમાં કેળવીએ.

● વાનરના હૂપાહૂપ તરફ ન જોતા, તેની મંઝીલ માટેની સાહસિકતા ભરી ફાળને જીવનમાં ઉતારીએ.

● કોયલનાં કાળા રંગ તરફ ન જોતાં, તેના મીઠા અને સૂરીલા સૂરને વખાણીને, જીવનમાં અપનાવીએ.

● આગિયાના ઝબકારને ભૂલી, પ્રેમ ખાતર જીવન હોમવાની અને ફના થવાની તત્પરતાને અપનાવીએ.

● બગલાની સ્વાર્થભક્તિ તરફ ન જોતાં, ધ્યેય પ્રાપ્તિ માટેની તેની એકાગ્રતાને જીવનમાં ઉતારીએ.

● કૂકડાના કૂકડે... કૂક... અવાજને ભૂલી, તેની અજોડ નિયમિતતાને જીવનનો રાહ બનાવીએ.

● ગધેડાની ભૂંકવાની કુટેવ તરફ ન જોતાં, તેની મૂંગી સ્વામી ભક્તિને જીવનમાં અપનાવીએ.

● કૂતરાનું ભસવાનું ધ્યાને ન લેતાં, તેની વફાદારીના ઉમદા ગુણોને જીવનમાં વણીએ.

કોયલા (કોલસા) ભલે કાળા છે, પણ અગ્નિના સંગે તપતાં - પ્રજ્જવલિત થતાં, લાલાશ પકડે છે અને અન્યને પ્રકાશ અને ગરમી આપી, જાતને ન્યોછાવર કરી - મિટાવીને રાખના શ્વેત રંગમાં ફેરવાઈ જાય છે, તે રીતે હોમાઈને ઉજળા થવા પ્રયત્ન કરીએ.

## કાવ્ય સેતુ : પૂજાનાં ફૂલ

પૂજાનાં ફૂલ ચૂટું ત્યારે વિચાર આવે :
'કાલી, કામાક્ષી કે ભૈરવ મંદિરમાં
બલિ ચડાવતા પૂજારી અને
મારામાં શો તફાવત?
હું ય એમના જેવો કે પછી,
ઈદના દિવસે હલાલ કરતા
પેલા મુલ્લા જેવો જ ને!
બધાય થનગનતી ચેતનાના
હત્યારાઓ!
માનવ ભ્રૂણ ઘાતકો અને
મારામાં એટલો ભેદ કે
તેઓ અંકુરને ચૂંટે અને
હું પૂર્ણ વિકસિત પુષ્પને!
ધ્યેય નરસાં-સારાં
પણ અપરાધ તો સરખા જ ને!'
ફૂલ પાસે જાઉં ત્યારે
કદીક એ સમીટની લહેરખી સાથે
મસ્તીથી ગેલ કરતું હોય
કે પછી કોઈ કીટક જોડે
રમત રમતું હોય અથવા
પતંગ સાથે પ્રેમમાં મશગૂલ હોય.
પછી મારી ક્રૂર આંગળીઓ
એની કોમળ ડોક મરડી
એને માવતરથી અળગું કરી દે!
હવે ભારે થયું.
'શું કરું?'
માત્ર પ્રાર્થનાથી જ
ભગવાનને રીઝવું?
પુષ્પ વિના પ્રભુ ક્ષમા કરશે?
કરવી તો જોઈએ.
આખરે એનું જ સર્જન રક્ષાય છે ને!'
ચાલો આપણે બધાં
પુષ્પવિહીન પૂજા કરીએ.
ફૂલોને પ્રકૃતિ માટે મુક્ત રાખીએ.

- મહેન્દ્ર પુરોહિત

## મળે ન મળે...!

માણી લેવા દો, આ સિતારે મઢ્યા ખૂબસૂરત સોહાગી સમણાને,
કે ફરીથી આવી કાજલ ઘૂંટી, નીંદર પ્રેરી નિશા મળે ન મળે!
માણી લેવા દો, જોબનખીલી હરિયાળી, પરિમલ પમરાટને,
કે ફરીથી આવી જોબન ભરપૂર વસંત બહાર મળે ન મળે!
માણી લેવા દો, આ મધુર કલરવ ને મીઠા વાંસળીના સૂરને,
કે ફરીથી આવી મદ ઝરતી કો' સલૂણી સવાર મળે ન મળે!
માણી લેવા દો, આ ધરતીની મહેંકતી માદકતા ભરી સુવાસને,
કે ફરીથી ઘનઘોર અષાઢની ઉમટેલ હેલી મળે ન મળે!
માણી લેવા દો, આ રળિયામણા અંગે છલકતી જોબન મ્હેંકને,
કે ફરીથી જિંદગીની ક્ષત સફરે સ્નેહભર્યો સાથ મળે ન મળે!
માણી લેવા દો, તેના પુષ્પશા ઓષ્ટે ઝરતી મદિરા શી મુસ્કાનને!
કે ફરીથી, મદભર પૈમાના છલકાવતી સાકી મળે ન મળે!
માણી લેવા દો, કલકલતાં ઝરણાં મળી વ્હેતા નદી પ્રવાહને,
કે ફરીથી 'દધિ' અંકે સમાઈ જતા, સરિતા દીદાદ મળે ન મળે!

- મૂળજી પરમાર 'દધિ'

## પાણીના પાઉચ

જોવા મળતા સઘળે પાણીના,
પીતા લોકો મફત પ્યાલા પાણીના,
બંધાયા છે ડેમ મોટા મોટા પાણીના,
નથી માગ્યા મોલ વાદળે કદી પાણીના
તો શાને કાજે વેચાય પાઉચ પાણીના?
લાગે છે નૈતિકતા બેસી ગઈ ડેમના પાણીમાં
ભાઈ અશ્વિવ કહે જો થાય જન વિના પાણીના,
તો ગયો ભવ તેમનો પણ પાણીમાં

- અશ્વિનકુમાર એસ. પટેલ

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

## તારા હૈયામાં

તારા હૈયામાં એવો વલોવાઉં છું
બની નવનીત આંખોથી ઉભરાઉં છું
તારા શ્વાસોના એવા સપાટે ચડ્યો
બની વંટોળ તુજમાં જ ચકરાઉં છું
જોને આઠે પહોર તારી સાથે રહું
તારા હર એક કદમ સાથે હું પણ ચલું
તારી પાયલમાં એવો પરોવાઉં છું
બની ઘૂઘરીનો રણકાર રણકાઉં છું
તારી આંખોમાં હું ઘર કરીને વસ્યો
કાળી ભમ્મર આ કીકીમાં એવો ફસાયો
તું ઉઠાવે ઉંઠું તું ઝૂકાવે ઝૂકું
તારી પાંપણના પલકારે પછડાઉં છું

- રાજેન્દ્રસિંહ રાઠોડ

# ...પોર્ટ બ્લેરના રસ્તાઓ હોટલો અને મકાનોને જોતાં મોટું શહેર લાગતું હતુ, ડામરની પાકી સડકો અને બજાર જોતાં આ વિકસતાં શહેરમાં સુવિધાઓ પણ સારી એવી હોય તેવું લાગ્યું

પોર્ટબ્લેરના વિમાની મથકની બહાર આવતાં જોયું તો વાતાવરણમાં એકદમ ઠંડક પ્રસરેલી હતી. વરસાદ પડીને થંભી ગયો હતો જેથી સદ્યસ્નાતા વૃક્ષોના પર્ણો પર સુરજનો રૂપેરી પ્રકાશ ચમકતો હતો. ઠંડા પવનની લહેરખી પ્રસન્નકર હતી. એરપોર્ટની બહાર જુદી જુદી હોટલોમાંથી આવેલા માણસો પ્રવાસીઓને આવકારવા તેમનાં નામનાં પુઠ્ઠાંના બોર્ડ હાથમાં લઈ ઊભા હતા. ઉપેન્દ્રભાઈ સિદ્ધપુરાએ અમારી સૌની નિવાસ વ્યવસ્થા અગાઉથી નિશ્ચિત કરેલ હોઈ અમે સૌ બહાર આવ્યા. ઉપેન્દ્રભાઈએ મારો પરિચય અહીંયા પ્રવાસની વ્યવસ્થા સંભાળતા શક્તિ સાથે કરાવ્યો. શ્યામ રંગનો પડછંદ પચ્ચીસ ત્રીસ વર્ષનો યુવાન શક્તિ ઉર્જાવાન અને ઉત્સાહી લાગ્યો. તેણે સ્મિત સાથે સૌને અવકાર્યો. જયાં જે હોટલમાં જેની વ્યવસ્થા કરી હતી તે મુજબ અહિં ટ્રાવેરા, ઈન્ડિકા, ઈન્ડીગો, ઝાયલો, સ્કોર્પિયો કારોનો કાફલો ઊભો હતો. એક પછી એક કાર નજીક આવતાં સૌનો સામાન તેમાં ગોઠવાવા લાગ્યો. અને ગાડીઓ પોર્ટબ્લેરના રસ્તા પર ઝડપભેર સરકવા લાગી. મને શક્તિએ કહ્યું કે તમારી રહેવાની વ્યવસ્થા હોટલ મેગપાઇ રેસીડેન્સીમાં કરવામાં આવી છે. તે પણ અમારી સાથે આવ્યો, અહીં બોલચાલની ભાષા અંગ્રેજી અને હિન્દી છે. છતાં ગુજરાતી પ્રવાસીઓ બહોળા પ્રમાણમાં આવતાં હોવાથી સારું એવું ગુજરાતી પણ એ સમજી લેતા હોય તેવું મને લાગ્યું. પોર્ટ બ્લેરના રસ્તાઓ હોટલો અને મકાનોને જોતાં મોટું શહેર લાગતું હતું. ડામરની પાકી સડકો અને બજાર જોતાં આ વિકસતાં શહેરમાં સુવિધાઓ પણ સારી એવી હોય તેવું લાગ્યું. વિમાનમાંથી જોયેલ ટાપુઓ અને પોર્ટબ્લેર શહેરનું દશ્ય જોયા પછી મારા મનમાં અનેક પ્રશ્નો ઊભા થતા હતા. કુતૂહલને હું હવે રોકી શકું તેમ ન હતો. તેથી મેં શક્તિને તે વિષે પુછવા માંડ્યું. તો તેણે પણ મને એટલા જ ઉત્સાહથી અને ખુશ થતાં થતાં માહિતી આપવા માંડી. મારૂં પહેલું કુતૂહલ તો પોર્ટ બ્લેર નામ અંગેનું હતું. આ ભારતીય ટાપુ પરનાં શહેરનું આવું અંગ્રેજી નામ શા માટે? મારા આ પ્રશ્નનો ઉત્તર આપતાં શક્તિએ કહ્યું કે પોર્ટ બ્લેર આંદામાન તથા નિકોબાર દ્વિપ સમુહની રાજધાની છે. જે ભારતની ભૂમિથી ૧૨૦૦ કિ.મી. દૂર બંગાળની ખાડીમાં આવેલ છે. અંગ્રેજોનું ભરાતમાં શાસન હતું ત્યારે ઘણાં સમય સુધી ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું ધ્યાન આ ટાપુઓ તરફ ગયું ન હતું. પણ સમય વિતવાની સાથે કંપનીને તે ધ્યાનમાં આવ્યા. અને તેમાં રસ લેવાનું શરૂ કર્યું. ભારતના તત્કાલીન ગવર્નર જનરલ લોર્ડ કોર્નવોલિસે આ દ્વિપોનો સર્વે કરવા માટે આદેશ કર્યો. આ કામ લેફટનન્ટ આર્ચિબોલ્ડ બ્લેયર અને લેફટનન્ટ આર. એ. કોલબ્રુક ને સોંપવામાં આવ્યું હતું. તેણે ઈ.સ. ૧૭૮૯માં આ ટાપુઓનો સર્વે શરૂ કર્યો. તે પછી અવાર નવાર બ્લેયર સર્વે પાર્ટીઓને લઈને અહીં આવતાં રહ્યાં અને તેને આંદામાનમાં કેદીઓના વસવાટ માટે ચાથમ દ્વીપ પર ઈ.સ. ૧૭૮૯માં ભલામણ કરી. બ્લેયરના આ પ્રયાસોને ધ્યાનમાં લઈને આ દ્વીપ સમુહની રાજધાનીનું નામ અંગ્રેજીમાં પોર્ટ બ્લેર જાહેર કર્યું. સને ૧૭૯૩ માં સૌ પ્રથમ વખત કેદીઓનો વસવાટ કરાવવાનું શ્રેય આમ આર્ચિબોલ્ડ બ્લેયરને મળ્યું છે.






અમારી ગાડીએ વળાંક લીધો. અહીંયા રસ્તાઓ કયાંક ઢાળવાળા તો કયાંક વાંકાચૂંકા જતા હતા તે પરથી એમ લાગતું હતું કે ઉબડખાબડ ટેકરીઓ વાળા વિસ્તારમાં આ શહેર વસ્યું છે. શક્તિએ મને કહ્યું કે આ શહેરમાં જ ઘણા જોવાલાયક જગ્યાઓ છે. તેણે રસ્તામાં પસાર થતાં અહીંનો વહીવટ જયાંથી ચાલે છે. તેવી અનેક સરકારી કચેરીઓ અને ઉપ-રાજયપાલનું નિવાસસ્થાન પણ બતાવ્યું. અહીં જયા ચાર રસ્તા હતા ત્યાં ટ્રાફિકની વ્યવસ્થા માટે યુવા મહિલા પોલીસ મોજુદ હતી. જો કે આપણા શહેરો જેવો અને જેટલો ટ્રાફિક અહીં દેખાતો ન હતો. અમારા ગાડી બજારમાંથી પસાર થતી હતી. એટલે સ્ત્રી સહજ શોપિંગના શોખને કારણે મીનાએ પૂછ્યું, 'ભૈયા અહીંયા ખરીદી કરવી હોય તો ખાસ વખણાતી વસ્તુઓ કઈ?' ત્યારે શક્તિએ હંસી પડતા કહ્યું, 'બહેનજી, ખરીદી કરવી જ હોય તો ઘણી બધી ચીજો અહીં મળે છે. પરંતુ એક વાત કહીં દઉં એ બધી જ વસ્તુઓ મદ્રાસ એટલે કે ચેન્નાઇ અથવા તો કોલકત્તાથી આવે છે. અહીં કોઈ ઉદ્યોગ, ધંધા કે ખેતી નથી. અમારો રોજગાર માત્ર પ્રવાસીઓ છે. અહીં હોટલો અને પ્રવાસીઓને કારણે બજારની ચમકદમક તમને દેખાય છે. અહીં મળતી ચીજવસ્તુઓ પણ કદાચ તમને મોંઘી લાગશે. કારણ કે તે હવાઈમાર્ગે કે જળમાર્ગે લાંબુ અંતર કાપીને લાવવામાં આવે છે. તેથી ખર્ચ વધુ આવે છે.'

'તો પછી અહીંનો મુખ્ય પાક કયો? બીજું કોઈ ઉત્પાદન અહીં ખરૂં કે નહીં?' મેં પૂછ્યું.

'અહીં'નો મુખ્ય પાક જો ગણવો હોય તો તમે નારીયેળ ને ગણી શકો તે ઉપરાંત સોપારી પણ થાય છે. અહીં આવીને વસેલા લોકો બંગાળ કે તામીલનાડુ એટલે કે દક્ષિણ ભારતના છે. તેઓ માછલીને ભાતનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. માછીમારોનો વ્યવસાય પણ અહીં સારો છે.' શક્તિએ કહ્યું.

વિમાનમાંથી જોયેલ હરિયાળા ટાપુઓનું દશ્ય મારી આંખોમાં અંજાયેલું હતું. દૂર દૂર સુધી ફેલાયેલા ટાપુઓ વિષે જાણવાની ઉત્સુકતાથી મેં પૂછ્યું. 'શક્તિ અહીં કેટલાં ટાપુઓ છે? શું બધા જ પર માનવ વસવાટ ખરો? ત્યારે તેણે કહ્યું. સાહેબ અહીં નાના મોટા મળીને ૫૭૨ ટાપુઓ ઉત્તર પૂર્વ દિશાથી દક્ષિણ પૂર્વે બંગાળની ખાડી તરફ ૮૨૪૯ ચોરસ કિ.મી.માં ફેલાયેલા છે. ઉત્તર પૂર્વથી દક્ષિણ પૂર્વ તરફ તેની લંબાઈ ૭૮૦ કિ.મી. છે. આ બધા ટાપુઓ ત્રણ જિલ્લામાં વહેંચાયેલા છે. ૧ સાઉથ આંદામાન, ૨ નિકોબાર અને ૩ નોર્થ અને મિડલ આંદામાન, સાઉથ આંદામાન જિલ્લામાં દક્ષિણ આંદામાન અને લિટલ આંદામાનનો સમાવેશ થાય છે. ઉત્તર અને મધ્ય આંદામાન જિલ્લામાં દિગ્લીપુર, માયા બંદર, રંગત, કદમતાલા અને બારાટાંગ બેટોનો વિસ્તાર આવે છે.' તે રીતે નિકોબાર જિલ્લામાં કાર નિકોબાર, નાનકોરી તથા ગ્રેટ નિકોબારનો સમાવેશ થાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પી.એન.ઓકના પુસ્તક 'પ્રમાણે તાજમહલ એ એક શિવ ટેમ્પલ' છે! આ રહી એ પુસ્તકની એક આછેરી ઝલક!

## હળવાશની ક્ષણોમાં !

### રૂપિયો સીનીયર સીટીઝન બની ગયો !

**- ચિત્રસેન શાહ**

(તાજેતરમાં ડોલરની સરખામણીમાં રૂપિયાએ જયારે ૬૦ની સપાટી ક્રોસ કરી ત્યારની વાત છે)

ન્યૂઝપેપરવાળાઓ પણ સમાચારોમાં અફલાતુન હેડીંગ આપતા હોય છે.

'રૂપિયો સીનીયર સીટીઝન બની ગયો! ડોલરની દાદાગીરી!'

એવા હેડીંગ નીચેના સમાચાર ન્યૂજપેપરમાં વાંચી 'સીનીયર સીટીઝન્સ' આનંદથી ઝુમી ઊઠ્યા! 'હાશ, આપણી નાતમાં એક નો વધારો થયો!' જૂના જમાનાના લોકો બોલી ઊઠ્યા - 'વખતને જતાં કાં વાર લાગે છે! હજુ ગઈકાલ સુધી રૂપિયો ૪૭/૪૮માં રમતો હતો અને આજે ૬૦ને ક્રોસ કરી ગયો! અધધધ!!!'

એ લોકોના મોઢામાંથી આશ્ચર્યચિહ્નોનો ધોધ છલકાયો!

હાલ આર્થિક પરિસ્થિતિ ભયજનક સપાટીની નજીક પહોંચી ગઈ છે! ડોલરની સામે રૂપિયો ૫૯, ૬૦, ૬૧... કોણ જાણે કયાં જઈને અટકશે!

ડૉલરની દાદાગીરી સામે રૂપિયાએ હવે ગાંધીગીરી કરવી પડશે! આવી પરિસ્થિતિમાં હવે તો એવું લાગી રહ્યું છે કે આપણે આપણા દેશ જાપાન જેવા દેશને 'આઉટ સોર્સીંગ (!)' થી ચલાવવા આપી દેવો જોઈએ!

સિવાય કે બીજો કોઈ ચમત્કાર સર્જાય!

થોડા સમય પહેલાં બોધગયામાં બોધિવૃક્ષ પાસે અને મુખ્યમંદિરમાં તેમજ ભગવાન બુદ્ધની ભવ્ય અને વિરાટ પ્રતિભા પાસે આતંકવાદીઓએ દસ-દસ વિસ્ફોટ કર્યા!


બોધિવૃક્ષ કે જેની નીચે ભગવાન બુદ્ધને જ્ઞાનપ્રાપ્તી થઈ હતી તે વૃક્ષની હાલની પાંચમી પેઢીના પીપળના વૃક્ષને (કે જેની પરિક્રમા આ લખનારે પણ કરેલ છે કદાચ પરિક્રમા કરવાથી પણ જ્ઞાનપ્રાપ્તી થાય એ આશાએ!) ઘણી જ ક્ષતિ પહોંચી છે. ન્યૂઝપેપરના રીપોર્ટ પ્રમાણે થોજડા સમય પહેલા મ્યાનમારમાં (અગાઉનું બર્મા) બૌદ્ધો અને મુસ્લિમો વચ્ચે ઘર્ષણ થયેલ તેનો બદલો આતંકવાદીઓએ લીધો! બર્માના એક્શનનો રીએક્શન બોધગયામાં?! તો પછી ગોધરાકાંડનો રીએક્શન ગુજરાતમાં આવી જ શકે ને! પરંતુ આમ બદલા લેવા બેસીએ તો કયાં પતો ખાય!

કારણ કે એમ તો ભૂતકાળમાં અફઘાનોએ, તુર્કોએ, મોગલોએ હિન્દુસ્તાન પર અસંખ્ય હૂમલા કર્યા છે. અને અસંખ્ય મંદિરો તોડ્યા છે!

આવા ઐતિહાસિક બેકગ્રાઉન્ડમાં હાલમાં બે સરસ સીરીયલ ટી.વી. ચેનલ પર ચાલી રહી છે. જે આપણે ભણેલા ઈતિહાસનો તાજો કરે છે! એક છે - 'મહારાણા પ્રતાપ' કે જે સોની ચૈનલ પર રાત્રે દસ વાગ્યે આવે છે અને બીજી છે - 'જોધા અકબર' જે ઝી-ટીવી પર રાત્રે ૮ વાગ્યે આવે છે.

બંને સીરીયલમાં ડાયરેકશન, કલાકારોની પસંદગી, તેમના અભિનય, સેટીંગ્ઝ વિગેરે અદ્ભૂત કહી શકાય તેવી કલાત્મક રીતે કંડારાયા છે. બંને સીરીયલ રાજપુતોનાં અપ્રતિમ શૌર્ય, સ્વેદેશાભિમાન અને આત્મસન્માનની ભાવનાથી ભરપૂર છે અને તેમાં મહારાણા પ્રતાપ જેવા શૂરવીર રાજવીઓ અને વિદેશી આક્રમણખોરો વચ્ચેની ટક્કરની વાત બહુ જ રસપ્રદ રીતે ગુંથાઈ છે!

'જોધા અકબર' સીરીયલ પ્રમાણે જોધાના વિવાહ રાજપૂત રાજા સૂર્યભાણસિંહ સાથે થયા હતા. જો આ વિવાહ લગ્નમાં પરિણમ્યો હોત તો હિન્દુસ્તાનનો ઈતિહાસ કાંઈક જુદો જ હોત! ઐતિહાસિક પાત્રો પણ જુદા હોત! જહાંગીર અને શાહજહાં પણ ના જ હોત! તો વળી 'તાજ મહલ' પણ ના જ હોત?! (ભલે ને મુમતાઝ મહલ હોય!) પરંતુ ના, 'તાજમહલ' તો જરૂર હોત કારણ કે પી.એન.ઓકના પુસ્તક 'TAJ MAHAL IS TEJO MAHALAYA" પ્રમાણે તાજમહલ એ એક શિવ ટેમ્પલ' છે! આ રહી એ પુસ્તકની એક આછેરી ઝલક!


THE TAJ MAHAL IS TEJO MAHALAYA

A Shiva Temple

THE TAJ MAHAL IS TEJO—MAHALAYA : A SHIVA TEMPLE

એટલે આ રીતે જોધાના લગ્ન અકબર (જલાલુદ્દીન મહમ્મદ) સાથે ન થયા હોત તો પણ તાજમહલ તો હોત જ!

(ભલેને જહાંગીર, શાહજહાંનો જન્મ ના થયો હોત!)

વળી ભૂતકાળમાં જેમ વિદેશી આક્રમણખોરોને મદદ કરનારા 'જયચંદ' હતા તેવી જ રીતે આજે પણ 'જયચંદો' છે જ! કારણ કે 'જય ચંદો' પણ યુગે યુગે જન્મ ધારણ કરતા રહે છે!

આ લખી રહ્યો છું ત્યારે 'ઝી-બીઝનેશ' ચેનલ પર (અમારા મિત્ર ઝી-ચેનલને 'ઝેડ-ચેનલ' તરીકે ઓળખે છે!)

શેરના ભાવની સાથે સાથે ડોલરની સરખામણીમાં રૂપિયાની વેલ્યુ વધતી દેખાઈ રહી છે! રૂપિયો (એટલે કે ડૉલર!) ફરીથી ૬૦ની નીચે સરકી રહ્યો છે! તેથી આ લેખનું શિર્ષક પણ હવે બદલવું પડશે!